PHONE: 2578501
FAX : (0281) 2576347
: (0281) 2577633

ફોન નં.: ૨૫૭૮૫૦૧
ફેક્સ :(૦૨૮૧) ૨૫૭૬૩૪૭
: (૦૨૮૧) ૨૫૭૭૬૩૩

# SAURASHTRA UNIVERSITY સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Office of the
Saurashtra University
University Road
RAJKOT- 360 005

Re-Accredited **Grade A** by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી રોડ,
રાજકોટ–૩૬૦ ૦૦૫

પ રિ પ ત્ર : –

વિષયઃ– સને ૨૦૧૫–૧૬ના વર્ષનો (તાઃ–૧–૪–૨૦૧૫ થી તાઃ–૩૧–૩–૨૦૧૬ સુધીનો) ઓગણપચાસમો વાર્ષિક અહેવાલ.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલયના સર્વે વિભાગના વડાઓ, યુનિવર્સિટી ગ્રંથાલયના ગ્રંથપાલશ્રી, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓને તથા યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક કેન્દ્રના સંચાલકશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીનો ૪૯મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે જરૂરી માહિતી મંગાવવામાં આવે છે. જે અન્વયે યુનિવર્સિટીનો સને ૨૦૧૫–૧૬ ના વર્ષનો (તાઃ–૧–૪–૨૦૧૫ થી તાઃ–૩૧–૩–૨૦૧૬) સુધીના સમય દરમ્યાન ૪૯ મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનો હોવાથી તેમના વિભાગ / ગ્રંથાલય / ભવનો / કેન્દ્રોના અહેવાલના વર્ષ દરમ્યાન જે કામગીરી થયેલ હોય તેની વિગતો દર્શાવતો વિશેષ અહેવાલ તૈયાર કરી અંગ્રેજીમાં ટાઈપ કરેલ ચાર નકલમાં (હાર્ડ કોપીમાં) તેમજ એક નકલ સીડીમાં (સોફ્ટ કોપીમાં) સામાન્ય વિભાગને તાઃ–૩૦–૦૬–૨૦૧૬ સુધીમાં મળી રહે તે રીતે મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

<u>અહેવાલ મોકલાવતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવા વિનંતી છે.</u>

૧. અહેવાલ જે સમયનો મોકલવામાં આવે તે સમયની જ માહિતી તેમાં હોવી જોઈએ. (તાઃ–૧–૪–૨૦૧૫ થી તાઃ–૩૧–૩–૨૦૧૬).

૨. અહેવાલ સ્પષ્ટ, સંક્ષિપ્ત તથા મુદ્દાસર હોવો જોઈએ.
<u>અહેવાલ અંગ્રેજી ભાષામાં જ મોકલવાનો રહેશે.</u>

૩. અહેવાલમાં પુનરાવર્તન ન હોવું જોઈએ.

૪. અહેવાલમાં જો કોઈ માહિતીપત્રકના રૂપમાં આપવાની થતી હોય તો તે ૨૦૧૫–૧૬ ના વર્ષના માહિતીપત્રકમાં સમાવી લેવી.

૫. અહેવાલમાં મોકલવામાં આવેલ બાબતમાં તેને લગતા ફોટોગ્રાફ અહેવાલમાં પ્રસિધ્ધ કરવાના થતાં હોય તો જે તે ફોટોગ્રાફ (ફોટોગ્રાફની પાછળ વિભાગ / ગ્રંથાલય / ભવન / કેન્દ્રનું નામ તથા ફોટોગ્રાફની તારીખ તથા જે તે પ્રસંગનું વર્ણન કરવું જરૂરી છે. ફોટોગ્રાફ ની સંખ્યા દર્શાવવી) અહેવાલ સાથે જ મોકલવા.

GT-16 / BIG-pad / 5
DNR

PHONE: 2578501
FAX : (0281) 2576347
: (0281) 2577633

ફોન નં.: ૨૫૭૮૫૦૧
ફેક્સ :(૦૨૮૧) ૨૫૭૬૩૪૭
:(૦૨૮૧) ૨૫૭૭૬૩૩

SAURASHTRA UNIVERSITY સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Office of the
Saurashtra University
University Road
RAJKOT- 360 005

Re-Accredited **Grade A** by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી રોડ,
રાજકોટ–૩૬૦ ૦૦૫

૬. ભવનનાં અધ્યક્ષશ્રીઓ તથા કેન્દ્રના સંચાલકશ્રીઓએ અહેવાલ મોકલતી વખતે નીચેની બાબતો અહેવાલમાં સમાવેશ થાય તે જોવા વિનંતી.
(૧) શૈક્ષણિક કાર્ય (૨) સંશોધન કાર્ય (૩) વિસ્તૃતીકરણ (૪) પ્રકિર્ણ (૫) પરિણામોની વિગત (૬) ભવનને સ્પર્શતી વિશિષ્ટ બાબતો– જો હોય તો.
ભવનનાં અધ્યક્ષશ્રીઓ તથા કેન્દ્રના સંચાલકશ્રીઓ ધ્વારા મોકલવાની થતી માહિતી માટે નમુનાનું પત્રક યુનિવર્સિટીની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલ છે તે નમુનાના પત્રકની સોફ્ટ કોપી યુનિવર્સિટી વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી તે પત્રકમાં ભવન/ કેન્દ્રની વાર્ષિક અહેવાલની વિગતો ટાઈપ કરી ઉપર જણાવ્યા મુજબ હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપીમાં આ વિભાગને તાઃ–૩૦–૦૬–૨૦૧૬ સુધીમાં મળી રહે તે રીતે મોકલી આપવી.

૭. ૪૮ માં વાર્ષિક અહેવાલમાં અનુક્રમણિકામાં જે તે વિભાગમાં પ્રકરણ નંબર આપેલો તે જ પ્રમાણે ૪૯ માં વાર્ષિક અહેવાલમાં આપવા દા.ત.પ્રકરણ–૧૨ યુનિવર્સિટીનું મહેકમ ઉપરનાં પાને પ્રથમ પ્રકરણ નંબર લખવા તેમજ નીચે પ્રકરણનું નામ લખવું તેમજ તાઃ–૧–૪–૨૦૧૫ થી તાઃ–૩૧–૩–૨૦૧૬ સુધીનો ૪૯ મો વાર્ષિક અહેવાલપત્રમાં લખવું.
વિભાગોએ વર્ષ ૨૦૧૫–૧૬ નો અહેવાલ ગત વર્ષની જે વિગતો આપેલ છે તેને ધ્યાનમાં રાખીને મોકલવા.

૮. રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.), નિરંતર શિક્ષણ કેન્દ્રની પ્રવૃતિઓ, દરેક વિભાગોએ તેમના વાર્ષિક અહેવાલમાં નાણાંકીય માહિતી ખર્ચના આંકડા સાથે રજૂ કરવાની રહેશે.

૯. શારીરિક શિક્ષણ વિભાગની પ્રવૃતિમાં કોલેજનું નામ, ખેલાડીની સંખ્યા, કેટલી રમતમાં ભાગ લીધો, કોચનું નામ સાથે લખવું તેમજ કેટલા વિજેતા થયા તે લખવું જે કોલેજે રમત–ગમતની ચેમ્પીયનશીપ મેળવેલ હોય તેની યાદી સામેલ કરીને વાર્ષિક અહેવાલ મોકલવાનો રહેશે.

કુલસચિવ

નં.સમન/વા.અ./૫૫/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ તાઃ– ૧૮–૦૫–૨૦૧૬
પ્રતિ,
૧. યુનિવર્સિટી કાર્યાલયના દરેક વિભાગના વડાઓ.
૨. યુનિવર્સિટી ગ્રંથાલયના ગ્રંથપાલશ્રી. ૩. આરોગ્ય કેન્દ્રનાં વડા.
૪. યુનિવર્સિટી અનુસ્નાતક ભવનનાં વડાઓ.
૫. યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના સંચાલકશ્રીઓ.
નકલ સાદર રવાનાઃ–
૧.કુલપતિશ્રીનાં અંગત સચિવશ્રી. ૨.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

GT-16 / BIG-pad / 6
DNR